અહીં આપેલ સમાચારો આપના લોકપ્રિય સામયિકમાં પ્રસિદ્ધ કરવા માટે છે...

विश्व संवाद केन्द्र

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com    Website : www.vskgujarat.com

વર્ષ : ૪    અંક : ૭૮    દિનાંક : ૧૫.૬.૨૦૧૮    સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## ગુજરાત રાજ્ય સરકારનું વૃક્ષોરોપણ મહાઅભિયાન

ગુજરાત રાજ્યમાં વરસાદ પડ્યાના થોડા દિવસો બાદ ગુજરાત રાજ્ય સરકાર, લોકભાગીદારી તથા વનવિભાગ દ્વારા રાજ્યના ૧૮ હજાર ગામડાઓમાં ૯ કરોડ છોડ રોપવાનો વિશ્વવિક્રમ બનાવશે. ગુજરાત સરકારે હાલમાં જ જળસંચય અભિયાન પણ પૂર્ણ કર્યું છે. હાલમાં ગુજરાતમાં વનવિભાગ દ્વારા જાહેર કરેલ ૩૦ કરોડથી પણ વધુ વૃક્ષો હયાત છે. વનવિભાગ દ્વારા હાલમાં તેની રાજ્યની નર્સરીઓમાં ૧૦ કરોડ રોપાઓ છે. આ રોપાઓને સવેળા વરસાદની મોસમમાં દેશની શૈક્ષણિક સંસ્થાઓ તથા અન્ય સામાજિક સંગઠનોના સહયોગથી વૃક્ષારોપણ કરીને મહાઅભિયનને પૂરું પડાશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા મંત્રીશ્રીઓ, વનઅધિકારીશ્રીઓ તથા વિવિધ સરકારી વિભાગના વડાઓ રાજ્યની સહભાગી લોકભાગીદારીને મદદ કરશે તથા પ્રોત્સાહન આપશે. સામાનય રીતે પૃથ્વી પર ૩૩ ટકા વૃક્ષો હોવા અનિવાર્ય છે જેથી પૃથ્વીનું પ્રાકૃતિક સમતુલન જળવાઈ રહે. આ અનુસંધાને ગુજરાતમાં હાલમાં ૧૧ ટકા જ વૃક્ષો છે. આ વૃક્ષોની સંખ્યા ત્રણ વર્ષમાં ૩૩ ટકા સુધી લઈ જવાનું વૃક્ષારોપણનું મહાઅભિયાન અવિરત ચાલુ રાખવાની જાહેરાત પણ રાજ્ય સરકારે કરી છે. જો આ ઉપલબ્ધ ૧૦ કરોડ રોપાઓ ખૂટશે તો  તો બહારથી પણ પાંચ કરોડ રોપાઓ મેળવવાની આગોતરી વ્યવસ્થા પણ રાજ્ય સરકારે કરી છે. આ અભિયાનમાં સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, વેપારી-મહાજનો તથા સામાન્ય જનતા પણ જોડાશે. ગુજરાતને હરિયાળુ બનાવવાના આ અભિયાનમાં જોડવા ઘણી સંસ્થાઓએ સરકારને સહકાર આપવા પહેલ પણ કરી છે.

## ભારતની શતરંજ મહિલા ખેલાડી સૌમ્ય સ્વામીનાથને ઈરાનના કટ્ટરપંથીઓને મહિલા અભિવ્યક્તિની આઝાદીનો પાઠ ભણાવ્યો

ઈરાનમાં એશિયન શતરંજ (ચેસ)ની આંતરરાષ્ટ્રીય રમત જુલાઈ-ઑગસ્ટમાં યોજાવાની છે. હાલ ઈરાનમાં મહિલાઓને બુર્ખા, હિઝાબમાં રહેવાનું ફરજિયાત છે. ખેલકૂદ જેવી સ્પર્ધાઓમાં પણ સ્પર્ધકોએ હિઝાબ પહેરવાનો હોય છે. જ્યારથી ઈરાનની સત્તા આયાતુલ્લા ખૌમિનીના હાથમાં આવી ત્યારથી આ બુરખાપ્રથા ફરજિયાત કરાઈ છે. મહિલાઓની અભિવ્યક્તિની આઝાદી છીનવાઈ છે. વિદેશના ખેલાડી મહિલાઓ ઈરાનમાં આવે ત્યારે તેમણે પણ હિઝાબ પહેરીને જ સ્પર્ધામાં ઉતરવાનું હોય છે. એશિયન શતરંજ માટે ભારતમાંથી ભારતની મહિલા ચેમ્પિયન સૌમ્ય સ્વામીનાથનની પસંદગી થઈ છે. સૌમ્યએ તેના ફેસબુકમાં આ સ્પર્ધામાં સ્વમાનને ભોગે ભાગ લેવાનો ઇન્કાર કર્યો છે. તેણે જણાવ્યું છે કે સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનો ઉત્સાહ છે પણ એક ભારતીય મહિલા તરીકે મહિલા અભિવ્યક્તિની આઝાદીની ભારતની સંસ્કૃતિ મારા માટે સ્વમાનનો વિષય છે. ઈરાનની તથા વિશ્વની મહિલાઓ હિઝાબ (બુર્ખાપ્રથા)નો વિરોધ કરે છે તેને હું સમર્થન આપું છું. રમત-ગમતક્ષેત્રમાં કોઈ ધાર્મિક ડ્રેસ કોડ હોતો નથી. ઈરાનની સરકારે મહિલાઓ માટે બુર્ખાપ્રથા ફરજિયાત કરી કટ્ટરતા દર્શાવી છે તેનો વિરોધ થવો જોઈએ. ભાતમાંથી આ અગાઉ હિના સિધ્ધુએ (વર્ષ ૨૦૧૬)માં આવો જ વિરોધ દર્શાવ્યો હતો. વિશ્વના ઘણા દેશોની મહિલાઓએ પણ આ પ્રથાને કારણે ઈરાનમાં રમવાનું ટાળ્યું હતું. સૌમ્યા સ્વામીનાથનને આ

પગલું ભરી રમતમાં ભાગ ન લેવાની હિંમત દર્શાવી છે. તેથી ભારતની તથા વિશ્વની મહિલાઓએ તેણીની પ્રસંશા કરી છે.

## હિન્દુ સ્વંય સેવક સંઘ દ્વારા ઓસ્ટ્રેલીયામાં સંઘ શિક્ષા વર્ગ (SSV) યોજાયો

રામકૃષ્ણ મીશન સીડનીના સુરેન્દ્ર રેડ્ડીના નેતૃત્વ (શિબિર અધિકારી) હેઠળ સંઘ શિક્ષા વર્ગ યોજાયો હતો. ઓસ્ટ્રેલીયાના વિવિધ વિસ્તારોમાંથી ૧૦૦ જેટલા શિક્ષાર્થીઓએ તાલીમ મેળવી હતી. જેમાં પ્રાથમિક (પ્રથમ વર્ષ), પ્રવેશ (દ્વિતીય વર્ષ) અને પ્રવિણ (તૃતીય વર્ષ)ના શિક્ષાર્થીઓ હતા. આ શિક્ષાવર્ગને નિહાળવા સીડનીમાંથી મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત હતા. આ વર્ગની વ્યવસ્થા તથા શિસ્તથી લોકો ખૂબ જ પ્રભાવિત થયા હતા. સ્વયંસેવકો માટે ભોજન, નિવાસ તથા યાતાયાતની વ્યવસ્થા સીડની સ્થિત હિન્દુ કાર્યકર્તાઓએ નિભાવી હતી.

## ઈન્ડોનેશિયાના નાગરીકોને ૩૦ દિવસના ભારત પ્રવાસ માટે નિઃશુલ્ક વિઝા મળશે

ભારતના વડાપ્રધાન ઇન્ડોનેશિયાની મુલાકાતે હતા ત્યારે તેમણે જકાર્તા ખાતે ત્યાંના નાગરિકોને ભારતની મુલાકાત માટે ૩૦ દિવસના મફત વિઝા આપવાની ઘોષણા કરી છે. ભારતમાં યોજાતા કુંભમેળાના દર્શન માટે તથા દેશની હિન્દુ સંસ્કૃતિના દર્શન માટે આ આમંત્રણ અપાયું છે. ઈન્ડોનેશિયામાં હિન્દુઓની મોટી સંખ્યાને સંબોધતાં શ્રી મોદીએ જણાવ્યું કે પ્રયાગરાજમાં યોજાતા કુંભમેળામાં હિન્દુદર્શન માણવા મળે છે. હિન્દુઓ માટે આ કુંભમેળો અપાર શ્રદ્ધાનો વિષય છે.

## પાકિસ્તાન સરકારના પુરાતત્વ નિષ્ણાતોએ હડપ્પા-મોહેંન્જોદરોના અભ્યાસ માટે ભારતની મદદ માગી

ઈ.સ. પૂર્વે ૨૬૦૦થી ૧૯૦૦ની વચ્ચેની હડપ્પાની મોંહન્જોદરો વસાહત-સંસ્કૃતિ જે હાલ ભારત અને પાકિસ્તાનની બોર્ડર પર છે તેનો અભ્યાસ પાકિસ્તાન સરકારના પુરાતત્વ નિષ્ણાતો કરે છે. આ માટે તેમણે ભારતના સ્થપતિઓ અને પુરાતત્વના નિષ્ણાતોની મદદ માગી છે. તે અનુસંધાને પુણેની ડક્કન કોલેજના વાઈસ ચાન્સેલર વસંત સીંધેને આમંત્રણ અપાયું હતું. તેમણે જણાવ્યું કે ભારત અને પાકિસ્તાનની મિત્રતા તથા સાંસ્કૃતિક જોડાણ માટે આ એક સારો પ્રયત્ન છે. બંને દેશોની સરહદો વચ્ચે આવેલી આ પુરાતન નગરી અંગેના સંશોધનમાં બંને દેશોના સ્થપતિઓ તથા પુરાતત્વવિદો એક બીજા સાથે પરામર્શ કરે છે. બંને દેશના એક સમાન વારસાનો આ સેતુ સરહદ પર શાંતિ સ્થાપવામાં મદદ કરશે.

## લેહ-લદાખના સાંસદ કુશોક બકુલા રીનપોચની જન્મ શતાબ્દી ઉજવણીનું સમાપન

સેન્ટ્રલ ઇન્સ્ટીટ્યૂટ ઓફ બુદ્ધિસ્ટ સ્ટડીઝ, લેહ-લદાખ ખાતે RSSના સરકાર્યવાહ દત્તાત્રેય હોસબલેની ઉપસ્થિતિમાં 18th કુશોક બકુલા લોબઝંગ થુપટેન ચોગનોર રીનપોચ (Kushok Bakula Lobzang Thupten Choghor Rinpoche)ની જન્મ શતાબ્દીની ઉજવણીનું સમાપન થયું હતું. જમ્મુ-કાશ્મીરને ભારતમાં ભેળવવા મદદરૂપ થનાર તથા લેહ-લદાખની પ્રજાની સેવા કરનાર આ બૌદ્ધ સાધુ સાંસદે મહત્વનું યોગદાન આપ્યું હતું. જમ્મુ-કાશ્મીર સ્ટડી સેન્ટર અને ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમયોજાયો હતો. આ પ્રસંગે ૧૨ વર્ષના નશતાન (Nashtan) જે નવા બુદ્ધ સાધુ-લામા 20th Kushok Bakula, નિયુક્ત થયા છે તેમણે પણ હાજરી આપી હતી. આ પ્રસંગે જમ્મુ-કાશ્મીરના ઉપમુખ્યમંત્રી કવિન્દર ગુપ્તા પણ હાજર હતા.

## વર્જિનિયા યુનિવર્સિટીએ 'મેડિકલ યોગા ફોર હેલ્થ પ્રોફેશનલ કોર્સ'નો પ્રારંભ કર્યો

વિશ્વમાં યોગનું મહત્વ ઔષધ-વિજ્ઞાનમાં પણ સમજાયું છે. મનુષ્યના સ્વાસ્થ્યને ઔષધો સીધી અસર કરે છે. પણ યોગના માધ્યમથી તેની હકારાત્મક, સૈદ્ધાંતિક, પ્રાયોગિક તથા આનુવંશિક અસરો અંગેનું સંશોધન વર્જિનિયા યુનિવર્સિટીમાં થાય છે. ત્રણ ક્રેડીટવાળા આ કોર્સમાં ગ્રેજ્યુએટ, તબીબી વિદ્યાર્થીઓ તથા ધંધાકીય યુવાનોને પ્રવેશ મળે છે. દર્દીની પદ્ધતિસરની સારવાર માટે યુવાનોને તૈયાર કરતી આ યુનિવર્સિટીની સ્થાપના ૧૮૧૯માં થઈ હતી. અત્યાર સુધી તેણે ૨૨,૮૦૦ વિદ્યાર્થી

(યોગા ટ્રેનર) તૈયાર કર્યા છે. ક્લીનિક તથા નર્સિંગના ક્ષેત્રમાં નિષ્ણાત આ આસિસ્ટન્ટ્સ - ટોગ ટ્રેનરો વિશ્વમાં ઉમદા સ્વાસ્થ્ય સેવાઓ પુરી પાડે છે.

## વિશ્વના ધનાઢ્ય દેશોમાં ભારત છઠ્ઠા ક્રમે

આફ્રો-એશિયા બેંકના ધનાઢ્ય દેશોના સર્વેક્ષણ (AfrAsia Bank Global Wealth Migration Review)માં ભારત છઠ્ઠા ક્રમનો વિશ્વનો ધનાઢ્ય દેશ જાહેર થયો છે. પ્રથમ પાંચમાં અમેરિકા, ચીન, જાપાન, ઇંગ્લેંડ, જર્મની છે. અમેરિકા ૬૨,૫૮૪ બીલીયન ડોલર સાથે પ્રથમ છે. ભારતની આર્થિક સધ્ધરતા ૮,૨૩૦ બીલીયન ડૉલર છે.

## પિતા-પુત્રીએ માઉન્ટ એવરેસ્ટ સર કરી વિશ્વ-વિક્રમ સ્થાપ્યો

ભારતના અજિત બજાજ તથા તેમની પુત્રી દીયા બજાજે એક સાથે વિશ્વના સૌથી ઊંચા શીખર માઉન્ટ એવરેસ્ટને સર કર્યું છે. તેમની સાથે શેરપા તરીકે સરદાર નીમા નુરુ હતા જેમણે ૨૦ વાર માઉન્ટ એવરેસ્ટ સર કર્યું હતું. ઉત્તરધ્રુવ, દક્ષિણધ્રુવ તથા ગ્રીનલેન્ડ આઈસ કેપની 'Polar Trilogy'નો સંપૂર્ણ અભ્યાસ કરનાર અજિત બજાજ પ્રથમ ભારતીય છે. વિશ્વમાં કોઈ પિતા-પુત્રીએ આ સાહસ કર્યું હોય તેવા અજિત તથા દીયા બજાજ પ્રથમ છે જેમણે વિશ્વવિક્રમ સ્થાપ્યો છે.

## પાકિસ્તાનના કરાંચી શહેરમાં ૧૦,૦૦૦ ભારતીય હિન્દુઓએ 'નૃસિંહ ચતુર્દશી' મહોત્સવ ઉજવ્યો

પ્રતિવર્ષ કરાંચી શહેરમાં ભગવાન નૃસિંહનો ચતુર્દશી ઉત્સવ ઉજવાય છે. તેમની રથયાત્રા નીકળે છે. વિવિધ પ્રકારના પ્રસાદનું વિતરણ થાય છે. પાકિસ્તાનમાં ઉજવાતા હિન્દુ મહોત્સવમાં આ ઉત્સવ પણ મુખ્ય છે. આ વર્ષે ગુજરાત, રાજસ્થાન, મેવાડ, બાસ્સી તથા કથીયાવર-મેઘવર એન સરહદી વિસ્તારોમાંથી ૧૦,૦૦૦થી પણ વધુ હિન્દુ ભાવીકભક્તોએ આ ઉત્સવને માંણ્યો હતો. ભગવાન નૃસિંહને આ ભક્તો જીવનમાં સુખ શાંતિ સમૃદ્ધિ માટે આરાધ્ય દેવ માને છે.

## શ્રીનગરમાં ક્ષીર ભવાની માતાનો ભવ્ય મેળો ઉજવાયો

શ્રીનગરથી ૨૭ કિ.મી. દૂર તુલ મુલા ગામ છે જ્યાં માતા ભવાનીનું વર્ષો જૂનું પૌરાણિક ઐતિહાસિક તથા ધાર્મિક મંદિર છે. પ્રતિવર્ષની જેમ અહીં ક્ષીર ભવાની માતાનો મેળો યોજાયો છે. આ મંદિરમાં આવેલ વર્ષો જૂના પૌરાણિક વૃક્ષમાંથી અવિરત મા ગંગાની જેમ જળનો પ્રવાહ સતત વહ્યા કરે છે. અહીં સાધુસંતોએ તપશ્ચર્યા કરી હતી. આ પવિત્ર ઝરણાના નીરમાંથી મા ભવાની પ્રગટ થયા હોવાનો ઉલ્લેખ છે. સ્વામી વિવેકાનંદે પણ આ સ્થળની મુલાકાત લીધી હતી. હિન્દુઓ આ ઝરણાને પવિત્ર માને છે. તેમાં ક્ષીર પધરાવે છે. આક્રમક મુસ્લિમોએ આ મંદિરનો નાશ કરવા ઘણા પ્રયત્નો કર્યા હતા પણ તે ફાવી શકયા ન હતા. આ સ્થળે મોટી મુસ્લિમ વસ્તી છે હાલમાં પરિસ્થિતિ ઉલટી છે. તેઓ પણ આ મેળામાં હિન્દુઓને સાથ-સહકાર આપે છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી પણ આ મેળામાં દર્શને આવે છે. લશ્કર પણ તેના લંગરમાં તીર્થયાત્રીઓને નિઃશુલ્ક ભોજન તથા પાણીની સેવા પૂરી પાડે છે. દેશ-વિદેશમાં રહેતા કાશ્મીરી પંડિતો આ મેળામાં અચુક હાજરી આપે છે. રાત્રીનો પડાવ કરી પંડિતો ક્ષીર ભવાની માતાની આરાધના કરે છે. ક્ષીર ભવાની માતાના આશીર્વાદથી નીકળતો સ્વયંભૂ જળપ્રવાહ આ વિસ્તારમાં પાણીની નહેરનું રૂપ ધારણ કરે છે જે ત્યાંના ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે. તુલ-મુલા ગામ તથા તેની આસપાસના વિસ્તારના હિન્દુ-મુસ્લિમ ભાઈઓ ક્ષીર ભવાની મેળાને ધામધૂમથી ઉજવે છે.

## વારાણસીના ગંગાકિનારે મા-ગંગાનું ઐતિહાસિક તરતું મ્યુઝિયમ મુકાશે

દેશમાં વિવિધ વિષયો સંદર્ભે અનેક મ્યુઝિયમ છે. તેમાં હવે ગંગાનદીમાં ગંગાનદીના વિષયના સંદર્ભે અનોખું તરતું મ્યુઝિયમ મુકાશે. વારાણસીના ગંગા-કિનારે મુકાનાર આ મ્યુઝિયમમાં ગંગાનદીના ઉદ્ભવથી માંડીને તેના કિનારા પરના પ્રાકૃતિક સૌંદર્યો, તીર્થસ્થળો, પ્રાણીસૃષ્ટિ વગેરેનું વર્ણન તથા ચિત્રો આ મ્યુઝિયમમાં જેવા મળશે. સાથે સાથે ગંગાનદીના પવિત્ર જળનો મહિમા, તેની શુદ્ધતા તથા સ્વચ્છતા અંગે પણ સૂચનો તથા માર્ગદર્શન આ મ્યુઝિયમમાં દર્શાવાશે. આ મ્યુઝિયમ

પર હવામાન તથા ગંગાનદીની પૂરની સ્થિતિમાં જે અસરો થવાની હોય તેની પણ સંરક્ષણાત્મક સમીક્ષા કરાશે. વારાણસીના ગંગાકિનારેથી યાત્રિકોને સુરક્ષિત બોટ વડે આ મ્યુઝિયમની મુલાકાત કરાવવાની ખાસ વ્યવસ્થાનું નિર્માણ થશે. આ મ્યુઝિયમ વારાણસીના ઘાટોમાં ફરતું રહેશે. ખાસ પ્રકારની આકર્ષક તથા સંરક્ષાત્મક મોટાકદની બોટનું નિર્માણ કરી તેના પર આ મ્યુઝિયમ સ્થાપિત થશે. કેન્દ્ર સરકાર તથા ઉત્તરપ્રદેશની સરકારે પરિવહન મંત્રણાલયને આ અંગે જાણકારી આપી છે.

## ભારતમાં મોબાઈલ ધારકોની સંખ્યામાં આશ્ચર્યજનક વધારો

દૂરસંચાર કંપનિઓ, ઇંટરનેટ, પ્રાદ્યોગિકી તથા ડિજિટલ સેવાઓ આપવાવાળી કંપનીઓના શીર્ષ સંગટન સીઓઆઈ (COI) એ તેના એક માસિકમાં ભારતદેશમાં મોબાઈલ ધારકોની સંખ્યાના આશ્ચર્યજનક આંકડાઓ આપ્યા છે. તે અનુસાર માર્ચ ૨૦૧૮માં એક અબજ ચાર કરોડ મોબાઈલ ધારકો હતા. હાલમાં આ સંખ્યામાં ૯૩ લાખનો વધારો થયો છે. આ સંખ્યામાં ભારતની એરટેલ પાસે ૩૦.૮૬ કરોડ, વોડાફોન પાસે ૨૨.૨૦ કરોડ તથા આઈડીયા પાસે ૨૧.૬૭ કરોડ મોબાઈલ ધારકો નોંધાયા છે. બાકીની સંખ્યામાં એયરસેલ, રિલાયન્સ જીઓ, એમટીએનએલ તથા ટેલીનોર કંપનીઓનો સમાવેશ છે.

## અમેરિકામાં હિન્દુ સ્વયં સેવક સંઘ (HSS) દ્વારા ગુરુ વંદના કાર્યક્રમ

અમેરિકામાં હિન્દુ સ્વંય સેવક સંઘ (HSS)ની શાખાઓ છે. ભારતમાં RSS જે કાર્ય કરે છે. તેવું જ કાર્ય વિદેશોમાં HSS કરે છે. અમેરિકામાં હજારથી પણ વધુ શિક્ષકોનું મે-જૂન માસમાં તેમની શાખા દ્વારા પૂજન થયું હતું. શિકાગોની ભાસ્કર શાખા પર પણ ગુરુ વંદના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૦ અધ્યાપકો તેમના પરિવાર સાથે ઉપસ્થિત હતા. કાર્યક્રમના સમાપનમાં અમેરિકાની HSSના રાષ્ટ્રીય સહકાર્યવાહ ડૉ. સિદ્ધેશ શિવાડે ઉપસ્થિત હતા. આ પ્રસંગે શિક્ષકોને તિલક કરી તેમની આરતી ઉતારવામાં આવી હતી. આમ અમેરિકામાં પણ ભારતીય સંસ્કૃતિની પ્રણાલી પ્રમામે ગુરુપૂજન થાય છે. ત્યાં પણ હિન્દુઓ તેમની સાંસ્કૃતિક પરંપરા જાળવી રાખે છે.

## સઉદી આરબના યુવરાજનો ઉદારવાદ- દેશમાં કટ્ટર ઈસ્લામ નહિ ચાલે

વિશ્વમાં ધાર્મિક કટ્ટરવાદથી વિશ્વની પ્રજાઓ ત્રાસી ગઈ છે. ધાર્મિક જનૂન-કટ્ટરવાદ વિનાશ નોતરે છે. સામાજિક સમરસતા તથા સુખ-શાંતિ માટે તે બાધક છે. વિશ્વશાંતિ માટે સઉદી આરબના યુવરાજે ઉદારમત દર્શાવ્યો છે. યુવરાજે તેમના દેશના સિનેમાઘરોનો પ્રતિબંધ ઉઠાવ્યો છે. ફિલ્મ ઉદ્યોગ ફરીથી શરૂ થયો છે. મહિલાઓને રાજકારણ તથા અન્ય જાહેર નોકરીઓ અને વ્યવસાયમાં જોડાવાની છૂટ અપાઈ છે. યુવરાજે ઈઝરાયેલને પણ સમર્થન આપ્યું છે. તેમણે ઈસ્લામિક દેશોમાં મુસ્લિમ કટ્ટરવાદ જે આતંકવાદને પ્રોત્સાહિત કરે છે તેનાથી દૂર રહેવા મુસ્લિમ બિરાદરોને અપીલ કરી છે. યુવરાજને આ ઉદારવાદ માટે ધમકીઓ પણ મળે છે. કાબાના ઈમામે ફતવો જાહેર કરી યુવરાજને ચેતવણી આપી છે, કે તેમની પ્રવૃત્તિઓ ઈસ્લામ વિરુદ્ધની છે.

## જમ્મુ-કાશ્મીરની ઐતિહાસિક યાત્રા- અમરનાથ યાત્રાની ઘોષણા

જમ્મુ-કાશ્મીરની ઐતિહાસિક યાત્રા - અમરનાથ યાત્રા દેશ-વિદેશના હિન્દુઓ માટે શ્રદ્ધાનું કેન્દ્ર રહી છે. પ્રતિવર્ષ યોજાતિ આ યાત્રામાં આતંકીઓની ધમકી મળે છે. છતાં યાત્રાનું ટ્રસ્ટ, જમ્મુ-કાશ્મીરની સરકાર અને ભારતીય સૈન્ય યાત્રિકોને રક્ષણ પૂરૂં પાડે છે. યાત્રાના માર્ગમાં દેશભરમાંથી અનેક સ્વયંસેવી સંસ્થાઓ યાત્રિકોને ભોજન તથા સ્વાસ્થ્યની સેવાઓ પૂરી પાડે છે. અનેક લંગરો ગોઠવાય છે. આ દુર્ગમ તતા દુર્બલ યાત્રામાં હિન્દુઓ કષ્ટ વેઠીને પણ બર્ફાની બાબા ભોલેનાથની કૃપા-આશીર્વાદ મેળવે છે. દેશના અનેક હિન્દુ-સંગઠનો આ યાત્રામાં જોડાવા હિન્દુઓને પ્રોત્સાહિત કરી - આહ્‌વાન કરે છે. તા. ૨૮ જૂનથી આ યાત્રાનો પ્રારંભ થશે આ યાત્રા ૬૦ દિવસ સુધી ચાલશે. આ યાત્રામાં પ્રતિવર્ષ જોડાતા શ્રદ્ધાળુ-યાત્રિકોની સંખ્યામાં વધારો નોંધાયો છે. આ વર્ષે હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાય તેવી સંભાવના છે.

* * *